અમારા પશુઓ પણ જ્યાં પરિવારના સભ્યો છે !!

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૭ | વર્ષ - ૩ | જાન્યુઆરી - ૨૦૨૪ (સળંગ અંક : ૩૧) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## દૂધનો સાગર લહેરાયો હવે

## હરિયાણાથી હિમાચલ સુધી








મહેસાણા દૂધસાગર ડેરીના વિકાસ માટે સતત પ્રયત્નશીલ ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના અમૂલ ફેડરેશન સાથેના પરસ્પર સૂમેળભર્યા સબંધોની સુવાસ હવે મહેસાણાથી લઈ હરિયાણા અને પહાડી પ્રદેશ હિમાચલ સુધી પ્રસરવા પામી છે. તાજેતરમાં સંસ્થાના એમ.ડી.શ્રી-દૂધસાગરના ઉચ્ચ અધિકારીઓ તથા સમગ્ર નિયામક મંડળની પ્રેરક હાજરીમાં આપણા દૂધ સંઘના ચેરમેનશ્રીના વરદ હસ્તે હરિયાણાના કરનાલ - અંબાલા ના સહા રોડ ઉપર દૈનિક ૨ લાખ લિટર દૂધ-છાસ-દહીંનું પેકિંગ કરી શકાય તે મુજબના થર્ડ પાર્ટી પાઉચ પેકીંગ પ્લાન્ટનો શુભારંભ કરવામો આવ્યો. અમૂલ ફેડરેશનની પોલીસી મુજબ હરિયાણાના અંબાલા જિલ્લાના સહા ખાતે કાર્યરત થયેલા આ પ્લાન્ટ બાદ હવે, આ જાન્યુઆરી-2024 થી આપણી દૂધસાગર ડેરીનો હિમાચલ પ્રદેશના હમીરપુર જિલ્લાના નદાન ખાતે થર્ડ પાર્ટી પ્લાન્ટ શરૂ થવાનો છે હિમાચલ પ્રદેશના હમીરપુર, ઉના તથા બિલાસપુર ખાતે તૈયાર થઈ રહેલા નવા ચીલીંગ સેન્ટરોની મુલાકાત માટે ચેરમેન શ્રી ના નેતૃત્વ હેઠળ સમગ્ર નિયામક મંડળે તાજેતરમાં મુલાકાત લીધી હતી. પ્રશંસનીય છે કે; મહેસાણા દૂધસાગર ડેરીએ હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કોઈ મોટા આર્થિક રોકાણ વગર આ વિસ્તારોમાં દૂધ ખરીદીનું નેટવર્ક ઉભું કરી ત્યાંના સ્થાનિક પશુપાલકો પાસેથી દૂધ ખરીદીનું વિશ્વસનીય માધ્યમ ઉભું કરી ટ્રાન્સપોર્ટ ખર્ચ અને મોટા મૂડી રોકાણ વગર મહેસાણા દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલક સભાસદો ના આર્થિક હીતને સૌથી મોટું પ્રાધાન્ય આપ્યું છે. હિમાચલ પ્રદેશના આ નવા પ્લાન્ટની શરૂઆતમાં દૈનિક 1 લાખ લિટર દૂધ-દહીં-છાસના વિતરણનું લક્ષાંક રાખવામાં આવ્યું છે આમ, આ ડિસેમ્બર અને જાન્યુઆરી થી દૂધસાગર પોતાનો સ્વાદ-સુગંધ અને વિશ્વાસ હિમાચલ અને હરિયાણામાં સ્થાપિત કરશે.

# શિવપુરા (બાલવા) મધ્યે મહિલા દૂધ મંડળીના નવા મકાનનો શુભારંભ










મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (દૂધસાગર ડેરી) નું પ્રશાસન વર્તમાન સમયે પોતાના કાર્યક્ષેત્રમાં અસ્તિત્વ ધરાવતી ગ્રામીણ દૂધ મંડળીઓની મૂળભુત જરૂરીયાતો સમયની માંગ પ્રમાણે સંતોષાય તે માટે સતત કાર્યરત છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને લાભો ગ્રામીણ દૂધ મંડળીઓને મળી રહે તે માટે મહેસાણા દૂધસાગર ડેરી - ગ્રામીણ દૂધ મંડળીઓ અને સરકાર વચ્ચે સેતુ બની વિકાસના પંથે આગળ વધી રહી છે. જેના ભાગરૂપે તાજેતરમાં સરસ્વતી તાલુકાના શિવપુરા (બાલવા) ગામની મહિલા દૂધ મંડળીના નવીન મકાનનું ઉદ્‌ઘાટન સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના વરદ્ હસ્તે સંપન્ન થવા પામ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી. રણછોડ ભાઈ દેસાઈ, ભાજપ પૂર્વ પ્રદેશ મહામંત્રીશ્રી. કે.સી પટેલ, દૂધસાગર ડેરીના ડિરેક્ટર શ્રી. અમરતભાઈ દેસાઈ, શ્રી. રમેશભાઈ દેસાઈ, શ્રી. પ્રધાનજી ઠાકોર, APMC પાટણના ચેરમેનશ્રી. સ્નેહલભાઈ પટેલ, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી. દશરથજી ઠાકોર, સરસ્વતી APMC ચેરમેનશ્રી. સોવનજી ઠાકોર તથા મહિલા મંડળીના પ્રમુખશ્રી. અનિલાબેન દેસાઈ સહિત સમગ્ર વિસ્તારના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. દૂધસાગરની વર્તમાન વિકાસયાત્રા સમગ્ર વિસ્તાર માટે આશિર્વાદરૂપ બનશે તેવો સૌએ આ તબક્કે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## દૂધવાણી



• એક અનુભવી ખેડૂત પાસે એક MBA ભણતો યુવાન કોઈ પ્રોજેક્ટ અર્થે મળવા ગયો. આ યુવાને ખેડૂતને ગાયો અંગે ઘણા બધા પ્રશ્નો પૂછ્યા : જેમ કે, ઘાસનો ખર્ચ - દૂધની પડતર કિંમત - દૂધનો બજાર ભાવ વગેરે. MBA ભણતા યુવાને ખેડૂતને વાત વાતમાં પૂછ્યું કે ; એવું ના બની શકે કે કોઈક ગાય ઘાસ ખાઈ જાય પણ દૂધ ના આપે ? ખેડૂતે કહ્યું : બની શકે ! જો અમારી ગાય પણ MBA કરે તો ....

• તમારે તમારી ગાય ભેંસ પાસેથી વધારે દૂધ લેવું છે ? તો દિવસમાં બે - ચાર વખત એની સાથે હસતાં - હસતાં વાતો કરો, એને કહો ; આટલું ખાય છે તો થોડુ દૂધ વધારે આપને ! મને વિશ્વાસ છે કે એ તમને નિરાશ નહીં કરે !!

• હું મારી ગાયોને મારી પૂર્વજ માતાઓના નામ આપું છું - મારા પતિના દાદીમાંનું નામ ગંગાબા હતું. તેઓ તો આ દુનિયામાં નથી પણ મારી ગાયને મેં મારી વડસાસુનું નામ ગંગાબા આપ્યું છે. આ ગાયમાતાની સેવા પણ હું જાણે મારી વડસાસુ હોય એમ જ કરું છું. વાડામાં એકલી હોઉં તો મારા સુખ દુઃખની વાતો આ ગંગાબા ગાય સાથે કરું છું. ભલે મારી ગાય પાસે જબાન નથી પણ લાગણી દૂધ જેવી શુધ્ધ અને શીતળ છે. મેં નાની મોટી સમસ્યાઓમાં બાધા આખડી નથી રાખી - મારી ગંગાબા ગાયને સમસ્યાને કહું છું અને તેનો ઉકેલ આવી ગયાનો મને હજારો વખત અનુભવ છે.

એક સંસ્થા જે માપદંડોમાં ખરી ઉતરી રહી છે !

## દૂધસાગરને મળ્યો ડેરી ચેમ્પીયન એવાર્ડ - ૨૦૨૩







તાજેતરમાં તા.13 અને 14 ડિસેમ્બરના રોજ INDIA FOOD SAFETY & NUTRITION SUMMIT યોજાવા પામી હતી. જેમાં ભારત ખાતે ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરતી કંપનીઓએ પોતાનું પ્રતિનિધિત્વ નોંધાવ્યું હતું. આ સમીટમાં આ ક્ષેત્રમાં નેતૃત્વ કરતી કંપનીઓનું પ્રદાન, ફુડ સેફ્ટી અંગેની તેમની જાણકારી અને ગંભીરતા તથા ઉત્પાદિત ચીજવસ્તુઓમાં પોષકતત્વોની જાળવણી અંગે અભ્યાસ કરી એવોર્ડ અર્પણ કરાયો હતો. જેમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. એટલે કે આપણી દૂધસાગર ડેરીને "ડેરી ચેમ્પીયન એવોર્ડ : 2023 " મળવાનું ગૌરવ પ્રાપ્ત થવા પામ્યું છે. દૂધસાગર વતીથી દૂધ માનસાગર ડેરી (માનેસર) ના હેડ શ્રી. જે.એ પટેલ તથા દૂધસાગર નેશનલના હેડ શ્રી. નરેન્દ્ર ચૌધરી તેમજ અન્ય અધિકારીઓએ આ એવોર્ડ સ્વિકાર્યો હતો.

## વિજાપુર તાલુકાની સોજા (હસનાપુર) મંડળીના 170 સભાસદો ઉબખલ સાગરદાણ ફેક્ટરીની મૂલાકાતે



"આપણી ડેરી - એ - વાસ્તવમાં આપણા લાખો લાખો પશુપાલકોની ડેરી બને " તે દિશામાં વર્તમાન સમયે દૂધસાગર ડેરી પ્રયત્નશીલ બની છે. ગામડાના જે દૂધ ઉત્પાદકો પોતાના દૂધને જે ડેરીના દરવાજે મોકલે છે એ દૂધના વિવિધ ઉત્પાદનો અંગેની જાણકારીઓ - પોતાની સંસ્થાની આર્થિક ગતિવિધીઓ - પશુપોષણ અંગે દૂધસાગર ડેરીના પ્રયાસો તથા પશુઆહાર અંગે સભાસદોને સંપૂર્ણ જાણકારી મળી રહે તે દિશામાં ડેરીના દરવાજા પશુપાલકો માટે સતત ખુલ્લા રાખવા જોઈએ તેવા સંસ્થાના ચેરમેનશ્રીના આગ્રહને માન આપી હાલમાં દૂધસાગર ડેરીના વિવિધ એકમોની મૂલાકાતે પશુપાલકો ખુલ્લા મનથી આવી રહ્યા છે. તાજેતરમાં તા.7 ડિસેમ્બરના રોજ વિજાપુર તાલુકાની સોજા (હસનાપુર) દૂધ મંડળીના 170 સભાસદોએ ઉબખલ ખાતે આવેલ સાગરદાણ ફેક્ટરીની મૂલાકાત લીધી હતી જેમાં ત્યાંના ઈન્ચાર્જ શ્રી. મયંકભાઈએ ફેક્ટરીની તમામ પ્રોડક્ટ્સ અને તેમાં વપરાતા કાચા માલ અંગેની જાણકારી તથા તેના ફાયદાઓ વિશે તેમજ કિંમત અંગે સાચી જાણકારી આપી હતી.

# સામે પગલે સહકાર

## વીમા રાશીની રકમ આપવા હવે દૂધસાગર સભાસદોને આંગણે



દૂધસાગર ડેરી દ્વારા સભાસદોને વીમા રક્ષણ પૂરૂ પાડવામાં આવે છે. જેમાં અગાઉ વીમા સહાય તરીકે રૂા.35000 ની રકમ આપવામાં આવતી હતી. પરંતુ મહેસાણા દૂધસાગર ડેરીમાં વર્તમાન ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાહેબ તથા તેમના નિયામક મંડળના આવાગમન બાદ પશુપાલક પ્રથમ ! એ સૂત્ર સતત જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ગત સાધારણ સભા પછી વીમા સહાયની રકમ રૂા.1,00,000 કરવામાં આવી હતી. પશુપાલકોને પોતાના વીમાની રકમ માટે બિનજરૂરી દોડધામ ના કરવી પડે તે માટે ડેરીનો સી.એસ વિભાગ સતત કાર્યરત બન્યો છે. અને, આ વીમા સહાયની રકમ લાભાર્થીને યોગ્ય અને ટૂંકા સમયમાં સામે પગલે મળી રહે તેવી વ્યવસ્થા દૂધસાગર ડેરી તંત્ર દ્વારા સૂપેરે ઉભી કરવામાં આવી છે. જે અનુસંધાને : દૂધસાગર ડેરીના વિવિધ કાર્યક્ષેત્રમાં બ્લોક પ્રમાણે જે લાભાર્થીઓ વીમા રાશી માટે હકદાર હોય તેને માટે કરવી પડતી તમામ પ્રક્રિયાઓ દૂધસાગરના સી.એસ વિભાગ દ્વારા પૂર્ણ કરી અને 181 ક્લેઈમોને જે તે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રી. દૂધસાગર ડેરી વતી આ લાભાર્થીઓના પરિવારને મળી સાંત્વન અને આશ્વાસન સાથે તેમને મળવાપાત્ર રકમ બેન્કમાં જમા થઈ હોવાનો લેટર આપી સ્વજનની ભૂમિકા પૂરી પાડી હતી.

# વાત છે વિકાસની – દૂધસાગરના વિશ્વાસન




## 01 January

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |

## 02 February

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | | |

## 05 May

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 20 |
| 26 | 27 | 28 | 29 | 30 | 31 | |

## 06 June

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 16 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |
| 30 | | | | | | |

## 09 September

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | | | | | |

## 10 October

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | 31 | | |

ની સફળતાના પંથે આગળ – આપણી દૂધસાગર




## 03 March

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |

## 04 April

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | | | | |

## 07 July

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |

## 08 August

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |

## 11 November

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |

## 12 December

| S | M | T | W | T | F | S |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |

# અમૂલ આગામી વર્ષોમાં પાંચ લાખ ગામડાઓ સુધી વિસ્તરણ કરશે : MD શ્રી જયેન મહેતા



આ વર્ષે નવી દિલ્હી ખાતે ઉજવાયેલ સહકારી સપ્તાહની ઉજવણીની મુખ્ય થીમ “ભારતને 5 ટ્રિલિયન ની અર્થ વ્યવસ્થા અને SDG5 લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સહકારી સંસ્થાઓની ભૂમિકા” પર એક વેબિનારનું આયોજન થવા પામ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે અમૂલના MD શ્રી. જયેનભાઈ મહેતાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે મલ્ટિ-સ્ટેટ સીડ્સ, ઓર્ગેનિક અને નિકાસ સહકારી મંડળીઓની રચના વિશ્વભરમાં coop ઉત્પાદનો માટેના બજારોનું વિસ્તરણ કરશે. અને coops ને ભારતને 5 ટ્રિલિયન ડોલરની અર્થ વ્યવસ્થા બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપવા સક્ષમ બનાવશે.

AMUL ની વિસ્તરણ યોજનાઓ પર પ્રકાશ ફેંકતા, તેમણે કહ્યું કે અમૂલ હાલમાં 2 લાખ ગામડાઓને આવરી લે છે. આગામી વર્ષોમાં 5 લાખ ગામડાઓને આવરી લેવાની યોજના છે જેનાથી 10 કરોડ પરિવારોને ફાયદો થશે. અમૂલ 12 SDG લક્ષ્યાંકો હાંસલ કરવામાં નોંધપાત્ર યોગદાન આપીને, વિકાસના આ મહત્વપૂર્ણ ક્ષેત્રમાં સહકારિતાની ભૂમિકાને મજબૂત બનાવશે. અમૂલ આવનાર બે વર્ષમાં પોતાનું ટર્ન ઓવર 1 લાખ કરોડ સુધી લઈ જવા સંકલ્પ બધ્ધ છે.

## વિકાસના પંથે આગળ - આપણી દૂધસાગર

# શ્રી મુમન કુબડા અમન મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નૂતન દૂધઘર નો શુભારંભ











વિતેલા ત્રણ વર્ષોમાં મહેસાણા દૂધસાગર ડેરીમાં નવા નેતૃત્વના ઉદય બાદ આ દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં પશુપાલનના વ્યવસાયને લઈ ધીમે પણ નક્કર પગલે સર્વાંગી વિકાસ આગળ વધી રહ્યો છે. દૂધના પોષણક્ષમ ભાવ હોય કે - પશુપાલકોની મૂળભુત જરૂરીયાત - મહેસાણા દૂધ સંઘ સતત પશુપાલકોની પડખે ઉભા રહેવાના મક્કમ ઈરાદાથી પ્રવૃત્તિશીલ જોવા મળે છે. વિતેલા વર્ષોમાં સરકારશ્રીના સહયોગથી આપણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં નવીન દૂધઘર - ગોડાઉનના નિર્માણ અવિરત આગળ વધી રહ્યા છે. લગભગ દરેક માસમાં જુદા જુદા ગામોની દૂધ મંડળીઓ સમયને અનુરૂપ પોતાનું આગવું કલેવર રચી રહી છે. એના જ એક ભાગરૂપે ગત તા.28 ડિસેમ્બરના રોજ શ્રી મુમન કુબડા અમન મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ના નવિન દૂધ ઘરના ઉદ્દ્ઘાટન પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા ખેરાલુ વિધાન સભા કાર્યક્ષેત્રના ધારાસભ્ય શ્રી. સરદારભાઈ ચૌધરી, સતલાસણા APMC ના પ્રમુખશ્રી. વિરેન્દ્રસિંહ ઠાકોર, સતલાસણા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી. કિશોરસિંહજી તથા મહામંત્રીશ્રી. નાનજીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. મુમન કુબડા ગામના આગેવાનો તથા પશુપાલક મુસ્લીમ મહિલાઓની વિશાળ ઉપસ્થિતીમાં સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો ત્યારે વર્તમાન દૂધસાગરના વહિવટની કાર્યશૈલીનો સંતોષ છલકતો જોવા મળી રહ્યો હતો. આ પ્રસંગે મંડળીના પ્રમુખશ્રી મોમીન અફસાનાબેન અને મંત્રી શ્રી. યુસુફભાઈએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સફળ પશુપાલક એજ દૂધસાગરની સાચી સમૃદ્ધિ

## પશુધનને રાજી રાખવાના મૂલ્યવાન ઉપાયો





ભારત અને સમગ્ર વિશ્વમાં આજે શુદ્ધ દૂધની માંગ ખૂબ મોટા પ્રમાણમાં ઉઠવા પામી છે. સતત વધતો જતો વસ્તી દર તથા ભેળસેળ યુક્ત ખોરાકો બજારમાં ઠલવાતા હોવાની બૂમરાડ વચ્ચે હવે લોકો શુદ્ધ આહાર પાણી માટે જાગૃત બન્યા છે. આવા સંજોગોમાં હવે પછીનો વિશ્વસનીય દૂધનો વ્યવસાય ખૂબ પ્રગતિ કરવાનો છે. ત્યારે, પશુપાલનના વ્યવસાયને પૂર્ણ સ્વરૂપમાં અપનાવવાનો હાલમાં સૂવર્ણ સમય છે. જે પશુધન માલિકોને નાના કે મોટા પાયે તબેલો શરૂ કરવાની ઈચ્છા હોય તેમણે તે અંગેનું જરૂરી જ્ઞાન તેમજ તાલીમ મેળવવી જરૂરી છે. આજે અમે દૂધસાગર પત્રિકાના માધ્યમથી સફળ પશુપાલન માટેના મૂલ્યવાન ઉપાયો રજૂ કરી રહ્યા છીએ.

» ગાય ભેંસનો તબેલો શરૂ કરતાં પહેલાં ભવિષ્યને ધ્યાનમાં રાખી જગ્યા પસંદ કરવી જોઈએ » પશુઓ માટેનો વાડો (તબેલો) હંમેશાં પૂર્વ–પશ્ચિમ દિશામાં એવી રીતે બાંધવો જોઈએ કે જેથી તેની ગમાણ ઉત્તર દિશા તરફ રહે અને ભોંય તળીયું લપસી ના જવાય તેવું તેમજ પાકું હોવું જોઈએ. શેડની આજુબાજુ પૂરતા પ્રમાણમાં ખૂલ્લી જગ્યા હોવી જોઈએ અને શક્ય હોય તો ત્યાં નાના છોડ તથા ઘટાદાર વૃક્ષો વાવવા જોઈએ જેથી પશુઓને ગરમીમાં ઠંડક મળે. શેડની છતની ઉંચાઈ ઓછામાં ઓછી ૧૨ ફૂટ હોવી જોઈએ. શેડની દિવાલો પાકી સિમેન્ટ કાંક્રીટની કે ઈંટોની બનેલી હોવી જોઈએ. હવાની પૂરતી અવર જવર માટેની સુવિધા હોવી જોઈએ. » પશુઓ ભરોસાપાત્ર વ્યક્તિ કે સંસ્થા પાસેથી જ ખરીદવા જોઈએ. પશુની પસંદગી કરતાં પહેલાં યોગ્ય રીતે ચકાસણી કરી લેવી જોઈએ. હંમેશાં તાજા વિયાએલા પહેલા, બીજા કે ત્રીજા વેતરનાં પશુઓની પસંદગી કરવી જોઈએ. પશુની પસંદગી તેના માતા–પિતા ના આનુવંશિક લક્ષણોને ધ્યાનમાં રાખી કરવી જોઈએ. જો પશુ બીજા રાજયમાંથી ખરીદવાના હોય તો તેના આરોગ્યની તપાસ કરવી જોઈએ અને પશુને શક્ય હોય તો ૨૦ થી ૨૫ દિવસ અલગ સ્થળે (બીજા પશુઓથી અલગ ) રાખવું જોઈએ. » શક્ય હોય તો દરેક પશુને વિમા કવચ પુરું પાડવું જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ અણધારી આફતથી આર્થિક નુકશાન ટાળી શકાય » શિયાળામાં પશુઓને દિવસે સૂર્ય પ્રકાશમાં રાખવા તથા રાત્રે શણના કોથળા ઓઢાડવા » ઉનાળામાં ચોખ્ખું, શુદ્ધ પાણી ૨૪ કલાક પુરું પાડવું જો વધુ ગરમીથી નાકમાંથી લોહી વહેતું હોય તો માથા ઉપર ઠંડુ પાણી રેડવું તથા પશુ દાક્તરની સલાહ લેવી. » ગરમ – ભેજયુક્ત વાતાવરણમાં લીખ, ઝુઆ, ચાંચડ, ઈતરડી વગેરેનો ઉપદ્રવ વધુ હોય છે જેઓ વલેણ રોગો પણ ફેલાવી શકે છે. તેને રોકવા ૦.૦૨ ટકા બ્યુટોક્ષ અથવા ટેક્ટીક ૦.૦૨ ટકા દવાઓ પશુઓના શરીર ઉપર તેમજ રહેઠાણમાં ખાસ કરીને તીરાડોમાં છંટકાવ કરવો. પંદર દિવસ પછી ફરીવાર છંટકાવ કરવો આ દવાઓ ઘાસ ચારા, પાણી ઉપર ન પડે તે ખાસ કાળજી રાખવી. પશુ અને તેના રહેઠાણની સાફ સફાઈ ખૂબ જરૂરી છે. » નવજાત બચ્ચાંને અડધાથી એક કલાક ની અંદર ખીરું પીવડાવવું જોઈએ જેથી તેને રોગ પ્રતિકારક શક્તિ મળે » જન્મતાની સાથે જ બચ્ચાંની ગર્ભનાળ ટીંક્ચર આયોડીનથી સાફ કરી સ્વચ્છ દોરો બાંધી દેવો. પંદર દિવસની અંદર બચ્ચાંને કૃમિનાશક દવા આપવી તથા છ મહિના સુધી દર મહિને પાવી. માદા બચ્ચાંને દશથી બાર દિવસે શીંગડા ડામવા » બચ્ચાંને ત્રણ મહિનાની ઉંમરે ખરવા – મોવાસા તથા ગળસૂંઢાના રોગોની રસી મૂકાવવી ત્યારબાદ ૨૧ દિવસના અંતરે બૂસ્ટર ડોઝ આપવો. ૪–૮ મહિનાની ઉંમરે ચેપી ગર્ભપાત (બ્રુસેલ્લોસીસ) ની રસી માદા બચ્ચાંને આપવી. નર બચ્ચાંને તેની જરૂરીયાત રહેતી નથી. રસી કરણ તથા કૃમિનાશકની તારીખની નોંધ રાખવી અને દર છ મહિને કે વર્ષે આ રસી રીપીટ કરવી. » ફાર્મની આસપાસ આવા રોગો ફેલાયા હોય તો તે સમય પૂરતું કોઈ પણ મૂલાકાતીને ફાર્મ ઉપર પ્રવેશ આપવો નહીં » કોઈપણ માદામાં ગર્ભપાત થાય તો ફેકાયેલા બચ્ચાંને તથા અન્ય દ્રવ્યોનો નિકાલ કરવો અને એવી માદાને અલગ રાખવી » ગર્ભધાન માટે વાછરડી કે પાડીનું ૨૨ થી ૨૪ મહિનાની ઉંમરે ૨૫૦ કિલોગ્રામ વજન હોવું જરૂરી છે તે માટે સારી ગુણવત્તાવાળો ચારો અને જાનવર દીઠ ૨–૩ કિલોગ્રામ દાણ દરરોજ આપવું જોઈએ, દાણ સારી ગુણવત્તાવાળું હોવું જોઈએ. » જાનવરોને રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાનો છંટકાવ થયો હોય તેવું ઘાસ ના આપવું જોઈએ » મહિનાથી ઉપરના ગાભણ પશુના આહારમાં ચારનું પ્રમાણ ઓછું રાખવું જોઈએ » દેશી ઓલાદની ગાય – ભેંસોમાં સવાર – સાંજ ગરમીમાં આવ્યાની ચકાસણી કરવી » ગરમીમાં આવ્યાના ૮ થી ૧૨ કલાકમાં બીજદાન કરાવવું. શંકર ગાયોમાં ૨૪ કલાકના સમય પછી ફેર બીજદાનની ભલામણ છે. » વિયાણના ૧૨ કલાક સુધીમાં મેલી ના પડે તો પશુચિકિત્સકનો સંપર્ક કરવો. પડી ગયેલી મેલી દાટી અથવા સરગાવી દેવી » વધુ દૂધ ઉત્પાદન આપતાં જાનવરોને વિયાણ બાદ પૂરે પુરુ દોહવું નહી જેથી સૂવારોગ (દૂધીયો તાવ) અટકાવી શકાય » આંચળના રોગ અટકાવવા માટે પહેલાં તેને ગરમ પાણીથી ને પછી પોટેંશિયમ પરમેંગેનેટ ના દ્રાવણથી ધોઈને સાફ કરવા જોઈએ » સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે દોહનાલય અલગ અને પાકા ભોંયતળીયા વાળું રાખવું જોઈએ » દોહતા સમયે સુકી નિરણ ના આપવી » ગાય કે ભેંસ વિયાણ પછીના ત્રણ મહિનામાં ગાભણ થવી જોઈએ. જો પશુપાલક ત્રીજા મહિને ફેળવવાનું ચૂકી જાય તો તેને ૪૦૦૦૦ થી ૫૦૦૦૦ નું નુકશાન થતું હોય છે. » ફળતા ના હોય તેવા જાનવરની તુરંત પશુચિકિત્સક પાસે સારવાર કરાવવી જેથી લાંબા સમય સુધી તે બીન ઉત્પાદક ના રહે » ક્ષય, ચેપી ઝાડા તથા ચેપી ગર્ભપાત જેવા રોગની નિયમીત તપાસ કરાવવી જોઈએ » દૂધાળાં પશુઓને ઉત્પાદનના આધારે દાણ આપવું જોઈએ » બચ્ચું આડુ થઈ જાય તો જાતે ખેચવું નહીં, તેનાથી ગર્ભાશય ફાટી જાય અને પશુનું મૃત્યું નિપજતું હોય છે.

વાંચક મિત્રો, મહેસાણા દૂધસાગર ડેરીનો વેટરનરી વિભાગ સતત આપની સેવામાં ૨૪x૭ હાજર છે.

# ભારતની લોકશાહીમાં ગુજરાતની સહકારીતાએ સોનામાં સુગંધ ભરવાનું કામ કર્યું છે.



**અંગ્રેજોની ગુલામીમાંથી આપણો દેશ આઝાદ થયો અને નવા બંધારણ સાથે પ્રજાસત્તાક દેશ તરીકે આપણે સ્વતંત્ર અસ્તિત્વ પ્રાપ્ત કર્યું તે સમયથી ગુજરાતની સહકારની ભાવના સતત દેશ માટે દિશા સૂચક રહી છે. ગુજરાતમાં સહકારીતાની ભાવનાથી ઉભા થયેલા દૂધ સંઘો, સહકારી બેન્કો, સહકારી ખાંડ ઉધોગ વગેરે એ એક નવોજ ચિલો ચાતરી સાચા અર્થમાં ગતિશીલ ગુજરાતનું નિર્માણ કર્યું છે.**

ગુજરાત રાજ્યની ભૂમિમાં ઉચ્ચ સહકારી ભાવનાની ગળથૂથી સદીઓથી સામેલ છે. આજે અમૂલ એમાં હિમાલયના ગૌરી શિખર સમાન ઉત્તુંગ સ્થાને બેસી આ સહકારીતાને સાબિત કરી રહી છે. લાખો લાખો ગામડાઓના અર્થતંત્રને - એમાંય કરોડો મહિલાઓના જીવનસ્તરને ગરીમા બક્ષવાનું કામ આ સહકારી સંસ્થાએ કર્યું છે.

આપણા દેશના વર્તમાન યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહ આજ ગુજરાતની માટીના સંતાન હોવાથી ગુજરાતની આ સહકારીતાની શક્તિને તેના પૂર્ણ સ્વરૂપમાં જાણે છે. અને આ જ સહકારીતાની ભાવના સમગ્ર દેશમાં ઉજાગર થાય અને સહકાર થી સમૃદ્ધિ તરફ દેશ ગતિ અને પ્રગતિ કરે તે દિશામાં મોદી સાહેબે યજ્ઞનો આરંભ કરી દીધો છે. ગત વર્ષે જ કેન્દ્રમાં એક અલગ સહકાર મંત્રાલયની સ્થાપના કરી આ સહકારના મોડલને નવેસરથી સમજવાનો પ્રયત્ન થાય તેમાં આજના સમયની જરૂરીયાતને સ્થાન મળે અને સરકાર તથા સહકાર એક સાથે કામ કરી ભારત જનસુખાય ની ભાવના સંતોષાય તે દિશામાં મજબૂત કામ થઈ રહ્યું છે.

ગુજરાતના પનોતાપૂત્ર અને રાષ્ટ્રમાં હાલ કેન્દ્રિય ગૃહમંત્રી તરીકે એક આગવી છબી ઉભી કરનાર શ્રી. અમિતભાઈ શાહ સાહેબ આમ તો , સહકારના આકાશમાંથી ઉગેલો સૂર્ય છે. આ વાતથી પ્રધાનમંત્રી પૂર્ણ રીતે વાકેફ હોવાથી કેન્દ્ર દ્વારા સ્થાપિત પ્રથમ સહકાર મંત્રાલયનો કાર્યભાર શાહ સાહેબને સોંપ્યો છે. ગત વર્ષે શ્રી. અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર મંત્રાલય તરફથી એક અલગ અને સ્વતંત્ર બજેટ ઉભું કરી સમગ્ર દેશની સહકારી સંસ્થાઓને એક પ્લેટફોર્મ ઉપર લાવવાના અદભૂત પ્રયત્નો થયા છે. ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા આજે ઓર્ગેનિક ખેતી, પ્રાકૃતિક ખેતીની પેદાશો તથા દૂધ અને દૂધની બનાવટોને વૈશ્વિક બજાર પ્રાપ્ત થાય અને તેનો સીધો લાભ ખેડૂત અથવા પશુપાલકને મળે તેવી તાંત્રિક વ્યવસ્થાને વાસ્તવિક ભૂમિ ઉપર ઉતારવાનો અને ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં કામ આરંભાઈ દેવાયું છે. આજે વિવિધ સહકારી સંસ્થાઓને - સરકાર તરફથી ઝડપી અને વધુ મદદ મળી રહી છે. તેનું કારણ પણ આ સહકાર તરફ સરકારની અમિનજર છે ! મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (દૂધસાગર ડેરી) માં આજે અત્યાધુનિક પાવડર પ્લાન્ટનું નિર્માણ હોય કે દૂધસંઘની વિવિધ જરૂરીયાતો માટેની માંગ હોય સરકાર સંપૂર્ણપણે પશુપાલકોની સાથે હોવાનો અહેસાસ કરાવી રહી છે. ભારત સરકારનો આ જમીની સ્તર ઉપરનો લગાવ એક શક્તિશાળી ભારત નું નિર્માણ કરશે અને ભારતના ગામડાઓનું અર્થતંત્ર વધુ મજબૂત બનશે તેવો વિદ્વાનો મત વ્યક્ત કરી રહ્યા છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા